# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-12-2024** **EVENING : 7.10 to 7.20**
**Day: THURSDAY** **REGIONAL NEWS**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણની સમીક્ષા અર્થે ગાંધીનગરમાં ખાતે યુનિવર્સિટીઓના કુલપતિઓની એક દિવસીય પરિષદ યોજાઈ.
2) રાજયમાં અત્યારસુધી કુલ 2 કરોડ 15 લાખ જેટલા સોઇલ હેલ્થ કાર્ડનું વિતરણ કરાયું.
3) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે રવી કૃષિ મહોત્સવ-૨૦૨૪નો દાંતીવાડાથી રાજ્યવ્યાપી પ્રારંભ કરાવશે
4) રાજ્યના વન વિભાગ દ્વારા “ગુજરાત રાજ્ય ગીધ સંરક્ષણ સમિતિ”ની રચના કરવામાં આવી.
5) અમદાવાદ ગ્રામીણ મેજિસ્ટ્રેટ કોર્ટે ખ્યાતિ હોસ્પિટલ કેસના આરોપી ડોકટર સંજય પટોળીયાના 7 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા.
6) વિકસિત ભારત યંગ લીડર ડાયલોગ 2025 અંતર્ગત યોજાઈ રહેલી વિકસિત ભારત ક્વિઝની સમયમર્યાદા 10મી ડિસેમ્બર સુધી લંબાવાઈ.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# NEP-2020 GANDHINAGAR

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણની સમીક્ષા અર્થે યુનિવર્સિટીઓના કુલપતિઓની એક દિવસીય પરિષદ આજે ગાંધીનગરમાં યોજાઈ ગઈ. ટેકનિકલ ઉચ્ચ શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલ આ પરિષદમાં રાજ્ય શિક્ષણમંત્રી પ્રફુલ્લ પાનસેરિયા સહિત વિવિધ સરકારી તેમજ ખાનગી યુનિવર્સિટીઓના કુલપતિઓએ ભાગ લીધો.

આ પ્રસંગે વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને ગ્રીન સ્કિલ્સથી સજ્જ કરવા એડયુનેટ ફાઉન્ડેશન સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યા હતા.

ટેકનિકલ ઉચ્ચ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે આ પ્રસંગે જણાવ્યું કે આજે ગુજરાત રાજ્ય આ નવી **શિક્ષણ** નીતિ ના અમલીકરણમાં સમગ્ર દેશમાં મોખરે છે ત્યારે વર્ષ ૨૦૩૫ સુધીમાં દેશનો યુનિવર્સિટીઓમાં નોંધણીનો દર એટલેકે GER ૫૦ ટકા સુધી લઇ જવાનું આ નીતીનું પહેલું લક્ષ્ય છે જે હાલ ૨૯ ટકા છે. તેમણે ઉમેર્યું કે યુનિવર્સિટીઓ અને તેની સંલગ્ન કોલેજો નવી શિક્ષણ નીતિ મુજબ પોતાની ટૂંકા, મધ્યમ અને લાંબાગાળાની નીતિ-અભ્યાસક્રમ નક્કી કરશે તો ઈચ્છિત પરિણામ મેળવી શકાશે.

શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફૂલ્લભાઈ પાનશેરિયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, નવી શિક્ષણ નિતીનું અમલીકરણ એ વિકસિત ભારતના વિકાસ પથનો પાયો છે.

ટેકનિકલ શિક્ષણ કમિશનર શ્રી બંછાનિધી પાનીએ જણાવ્યું હતું કે એકેડેમિક બેન્ક ક્રેડિટ-ABCમાં ગુજરાતે ૪ લાખ આઈ ડી બનાવ્યા છે જે નોંધનીય છે.

આ પ્રસંગે બંને મંત્રીશ્રીઓના હસ્તે રાજ્યની ટોપ ૧૬ યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલરોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા.

---

- રીટા દવે, ઇન્ફો -(NAVIN)

# SOIL HEALTH CARD

રાજય સરકારે ખેડૂતોના હિતમાં શરૂ કરેલી સોઇલ હેલ્થ કાર્ડ યોજના હેઠળ ગુજરાતમાં કુલ 2 કરોડ 15 લાખ જેટલા સોઇલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે, ગુજરાતના ખેડૂતો પોતાની જમીનને ઓળખીને યોગ્ય માવજત દ્વારા યોગ્ય સમયે યોગ્ય પાકનું આયોજન કરી શકે તે માટે સોઇલ હેલ્થ કાર્ડ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

સોઇલ હેલ્થ કાર્ડ યોજના અંતર્ગત નિયત પદ્ધતિથી ખેડૂતોના ખેતરમાંથી જમીનનો નમૂનો લઈને તેને પૃથ્થકરણ માટે જમીન ચકાસણી પ્રયોગશાળામાં મોકલવામાં આવે છે. જ્યાં, આ નમૂનાનું પૃથ્થકરણ કરી તેના આધારે સોઇલ હેલ્થ કાર્ડ તૈયાર કરવામાં આવે છે. જેમાં દર્શાવેલ વિવિધ તત્વોના પ્રમાણના આધારે ખેડૂતોને કેટલા પ્રમાણમાં ખાતરો વાપરવા, તેની ભલામણ કરાય છે.

જમીનની ગુણવત્તા જાળવી રાખવા તેમજ જમીન સંરક્ષણની જરૂરિયાત અંગે લોકજાગૃતિ કેળવવા દર વર્ષે 5 ડિસેમ્બરને “વિશ્વ જમીન દિવસ” તરીકે ઉજવવામાં આવે છે.

આ નિમિત્તે જમીનની ગુણવત્તા અને તેની ચકાસણી માટેની પ્રયોગશાળાનું મહત્વ સમજાવતા વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ આ મુજબ જણાવ્યું,

(બાઈટ શંકર ચૌધરી)

---

- માહિતી શ્રીરંગ તેંડુલકર - -(NAVIN)

# RAVI KRUSHI MAHOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે રવી કૃષિ મહોત્સવ-૨૦૨૪નો દાંતીવાડાથી રાજ્યવ્યાપી પ્રારંભ કરશે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલની ઉપસ્થિતિમાં યોજાનાર આ બે દિવસીય રવી કૃષિ મહોત્સવમાં 12 સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર અને શ્રેષ્ઠ પશુપાલક એવોર્ડ અર્પણ સહિત વિવિધ લાભોનું વિતરણ કરાશે.

આ મહોત્સવ રાજ્યના 246 તાલુકાઓમાં યોજાશે જેમાં અંદાજે 2 લાખ 50 હજારથી વધુ ખેડૂતો સહભાગી થશે. ખેડૂતોને રવિ પાકો વિશે વૈજ્ઞાનિક માર્ગદર્શન અને ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ મળી રહે તે હેતુથી રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવશે.

જે અંતર્ગત સુરતના ઓલપાડ ખાતે વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલ આવતીકાલે રવિ કૃષિ મહોત્સવને ખૂલ્લો મૂકશે. ત્યારબાદ તેઓ બપોરે ઓલપાડ તાલુકા પંચાયત કચેરી ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના અંગેની સમીક્ષા બેઠકમાં ઉપસ્થિત રહેશે. જ્યારે સુરત જિલ્લાના માંડવી ખાતે આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજી હળપતિ રવિ કૃષિ મહોત્સવને ખૂલ્લો મૂકશે.

-------------------------------------------------------------------

- સુરત (મા.ખા.), તાપી (મા.ખા.), સાબરકાંઠા, સુરેન્દ્રનગર (મા.ખા.), સંસ્કૃતિ -(NAVIN)

# VULTURE CONSERVATION COMMITTEE

રાજ્યના વન વિભાગ દ્વારા "ગુજરાત રાજ્ય ગીધ સંરક્ષણ સમિતિ"ની રચના કરવામાં આવી છે.

આ સમિતિના અધ્યક્ષ તરીકે મુખ્ય વન અને વન્ય જીવ સંરક્ષક, સહિત કુલ 11 સભ્યોની નિમણૂક કરવામાં આવી છે.

આ સમિતિ દ્વારા ગીધના સંરક્ષણ માટે સમગ્ર રાજ્યમાં ગીધની વસ્તીનું નિયમિત નિરીક્ષણ કરવું, તેમના રક્ષણને સુનિશ્ચિત કરવા યોગ્ય પગલાં લેવા, રાજ્યમાં ગીધોની સલામતી ક્ષેત્રનું નેટવર્ક વધારવું, અને વસવાટોમાં વિક્ષેપ જેવા જોખમોનું નિરીક્ષણ કરવું તથા ગીધ સંવર્ધન કેન્દ્રો સ્થાપિત કરવા જેવી કામગીરી કરાશે.

રાષ્ટ્રીય સ્તરે કેન્દ્રના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૦૬માં ગીધ સંરક્ષણ માટે કાર્ય યોજના ઘડીને ઝડપી પગલાં લેવામાં આવ્યા છે. આ રાષ્ટ્રીય પ્રયાસોને ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકારે "ગુજરાત રાજ્ય ગીધ સંરક્ષણ સમિતિ"ની રચના કરી છે.

---

- માહિતી, શ્રીરંગ તેંડુલકર - -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.........................................

# GRAAM VIKAAS WORKSHOP-GANDHINAGAR

ગાંધીનગર ખાતે આજથી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના અધિકારીઓ માટે બે દિવસીય કાર્યશાળાનું આયોજન કરાયું. ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલે આ કાર્યશાળાનો શુભારંભ કરતા જણાવ્યું કે 'આત્મા ગામડાનો સુવિધા શહેરની' આ મંત્રને સાર્થક કરી ગ્રામ્ય જીવનને વધુ સમૃદ્ધ બનાવવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. આ કાર્યશાળામાં મંત્રીશ્રીએ રાજ્યના તમામ જિલ્લા DRDA ડાયરેક્ટરો સાથે એક સમીક્ષા બેઠક યોજી હતી.

તેમણે જણાવ્યું કે રાજ્યના ગામડાઓ આજે સમગ્ર દેશમાં આદર્શ ગામ તરીકે ઉભરી રહ્યા છે ત્યારે રાજ્યમાં ચાલુ વર્ષે ૧.૪૪ લાખથી વધુ PM આવાસ યોજનાના લાભાર્થીઓને પ્રથમ તબક્કાની સહાયની ચૂકવાઈ છે તેમજ રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૫.૬૧ લાખથી વધુ આવાસોનું નિર્માણ કરાયું છે.

આ ઉપરાંત ગામડાઓની આંતરમાળખાકીય સુવિધા સહિત જળ વયવસ્થાપન, ગામના પાક્કા રસ્તા, ઘરેઘરે શૌચાલય જેવી તમામ પ્રાથમિક સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવી રહી છે. આ ઉપરાંત 'કેચ ધ રેન' અભિયાન થકી ખેતી કરતા ખેડૂતોને સિંચાઈમાં વધુ સુવિધાઓ ઉમેરાશે, તેવો મંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ગ્રામ વિકાસ વિભાગના સચિવ મનીષા ચંદ્રાએ આ જણાવ્યું હતું કે, ગ્રામીણ ક્ષેત્રે તમામ યોજનાઓના લાભો વધુ સુચારુ રીતે પહોચાડવા આ કાર્યશાળા મહત્વની ભૂમિકા ભજવશે.

---

- રીટા દવે , ઇન્ફો

-(NAVIN)

# Khyati Hospital

અમદાવાદ ગ્રામીણ મેજિસ્ટ્રેટ કોર્ટે ખ્યાતિ હોસ્પિટલ કેસના આરોપી ડોક્ટર સંજય પટોળીયાના 7 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

અમારા પ્રતિનિધી જણાવે છે કે, ગુજરાત પોલીસની ગુના શોધક શાખાએ ડોક્ટર સંજય પટોળીયાની ધરપકડ કરીને આજે તેમને મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કર્યા હતા. આ કેસમાં વધુ તપાસ માટે તપાસ સંસ્થાએ 10 દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કરવાની રજૂઆત કરી હતી. દરમિયાન આ જ કેસમાં અન્ય આરોપી રાજ શ્રી કોઠારીની આગોતરા જામીન અરજી અમદાવાદ સેશન્સ કોર્ટે નાકરી કાઢી છે. અદાલતના આદેશના પગલે પોલીસ આરોપી રાજશ્રી કોઠારીની ધરપકડ કરી શકે છે.

---------------------------------------------------------------------

- પીટીસી અમદાવાદ સંસ્કૃતિ- -(NAVIN)

# VIKSIT BHARAT QUIZ

કેન્દ્રીય યુવા બાબતોના મંત્રાલય દ્વારા વિકસિત ભારત યંગ લીડર ડાયલોગ 2025 અંતર્ગત યોજાઈ રહેલો વિકસિત ભારત ક્વિઝની સમયમર્યાદા 5 દિવસ એટલે કે, 10મી ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે.

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ આજે સોશ્યલ મિડીયા પર આ જાહેરાત કરી છે. વિકસિત ભારત ક્વિઝ ચેલેન્જ સ્પર્ધા 15 થી 29 વર્ષની વયના યુવાનો માટે ખુલ્લો છે.

આકાશવાણી સાથે વાત કરતાં નેશનલ સર્વિસ સ્કિમ NSSના પ્રાદેશિક નિયામક કમલ કુમાર કરે જણાવ્યું કે, ગુજરાતમાંથી અત્યારસુધીમાં 28 હજારથી વધુ યુવાઓએ આ ક્વિઝ પૂર્ણ કરી છે. તેમણે યુવાનોને મોટી સંખ્યામાં આ ક્વિઝમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

(બાઈટ કમલકુમાર કરે)

---------------------------------------------------------------------

- અપર્ણા ખૂંટ - -(NAVIN)

# AHMEDABAD SHOPPING FESTIVAL

અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલમાં વિક્રમજનક વેચાણ થયું છે. અમદાવાદના સમૃદ્ધ વારસાને ઉજાગર કરવા, વિવિધ વ્યવસાયો અને કારીગરોને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવા તેમજ પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા માટે યોજાતા આ ફેસ્ટિવલમાં ઓક્ટોબરની આવક વાર્ષિક 20.5 ટકાથી વધીને અંદાજે 69 હજાર કરોડથી વધુ નોંધાઇ છે. ખરીદીની સાથે ઉજવણી સહિતના આ ફેસ્ટિવલના પ્રથમ તબક્કામાં 20 લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી છે. જેમાં 60થી વધુ સ્ટોલ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા 12 ઓક્ટોબરે ઉદ્ઘાટન કારાયેલ અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ, 14 જાન્યુઆરી 2025 સુધી ચાલશે. કુલ 95 દિવસ સુધી ચાલનારા ફેસ્ટિવલને ત્રણ તબક્કામાં વહેંચવામાં આવ્યો છે. જેનો પ્રથમ તબક્કો 12 ઑક્ટોબરથી 1 નવેમ્બર દરમિયાન યોજાયો હતો. બીજો તબક્કો 11 નવેમ્બરથી શરૂ થયો છે જે 13 ડિસેમ્બર સુધી ચાલશે. અને ત્રીજો તબક્કો 15 ડિસેમ્બરથી 15 જાન્યુઆરી 2025 દરમિયાન યોજાશે. આ ફેસ્ટિવલ 4 મુખ્ય શોપિંગ ડિસ્ટ્રિક્ટ અને 14 હોટસ્પોટ્સ ખાતે યોજાઈ રહ્યો છે. સિંધુ ભવન રોડ, સીજી રોડ, નિકોલ મોડર્ન સ્ટ્રીટ અને કાંકરિયા રામબાગ રોડ ઉપરાંત, સાબરમતી રિવરફ્રન્ટ, માણેક ચોક, લો ગાર્ડન, સાયન્સ સિટી, વસ્ત્રાપુર, પ્રહ્લાદ નગર રોડ, અમદાવાદ વન અને પેલેડિયમ મોલ જેવા શોપિંગ મોલ્સ સહિત 14 હોટસ્પોટ્સ ખાતે આ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------

- અમદાવાદ (મા.ખા.), સંસ્કૃતિ -(NAVIN)

# SARTHANA NATURE PARK

સુરત મહાનગરપાલિકા સંચાલિત ૮૧ એકરના સરથાણા નેચરપાર્કની આશરે 25 લાખથી વધુ લોકોએ છેલ્લા ત્રણ વર્ષમાં મુલાકાત લીધી છે.

નેચર પાર્કના ઈન્ચાર્જ સુપરિન્ટેન્ડન્ટ ડો.રાજેશ પટેલે જણાવ્યું કે, સરથાણા નેચર પાર્ક (પ્રાણી સંગ્રહાલય)માં દર વર્ષે સુરત શહેર-જિલ્લા અને રાજ્યભરમાંથી ૧૦ લાખથી વધુ પ્રવાસીઓ આવે છે. તેમણે વધુમાં કહ્યું કે, જળબિલાડીઓનું સંરક્ષણ અને સંચાલન એ સુરતના નેચર પાર્કની વિશેષતા મહત્વપૂર્ણ છે.

ઉલ્લેખનીય છે કે, સરથાણા નેચર પાર્કમાં ૫૪ વિવિધ પ્રજાતિના પ્રાણીઓ રાખવામાં આવ્યા છે, જેમાં ૨૪ પ્રજાતિના ૧૨૮ મેમલ પ્રાણીઓ, ૨૭ પ્રજાતિના ૨૯૪ પક્ષીઓ અને ૫ પ્રજાતિના ૬૧ રેપટાઈલ સામેલ છે.

---------------------------------------------------------------------

- માહિતી, શ્રીરંગ તેંડુલકર - -(NAVIN)